Item No: 43.5

# આણંદ કૃષિ યુનિવર્સિટી
## આણંદ

કુલસચિવ

જા.નં. આકૃયુ/રજી/લીગલ/ ૬૦૪ તા.૦૮/ ૧૧/૨૦૧૬.

નોંધઃ-

વિષયઃ- નિયામક મંડળની ૪૩મી બેઠકના મુદા નં.૪૩.૫ અન્વયે કાર્યવાહી કરવા બાબત.

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, આણંદ કૃષિ યુનિવર્સિટીના નિયામક મંડળની ૪૩મી બેઠક તા.૨૪/૦૯/૨૦૧૬ના રોજ આણંદ કૃષિ યુનિવર્સિટી આણંદ ખાતે મળેલ હતી તેમા આ શાખાનો આઇટમ નં. ૪૩.૫થી સ્ટેચ્યુટમાં સુધારા-વધારા બાબતે રજુ કરેલ હતો. બેઠકમાં ઠરાવ્યા મુજબ આગળની કાર્યવાહી માટે સંયુકત સચિવ-વ-સભ્ય સચિવશ્રી(કૃષિ યુનિ.), રાજય કૃષિ યુનિવર્સિટી પરિષદ, ગાંધીનગરને આ કચેરીના પત્ર જા.નં. આકૃયુ/રજી/લીગલ/સીસી.૨/૫૬૪-૫૬૫, તા. ૧૮-૧૦-૨૦૧૬થી મોકલી આપેલ છે.(નકલ સામેલ છે.)

કુલસચિવ

નકલ રવાનાઃ-

આ કચેરીની એકેડેમીક શાખા તરફ જાણ સારું

૫૨૫
૧૧/૨૦૧૬

આણંદ કૃષિ યુનિવર્સિટી,
આણંદ૩-૩૮૮૧૧૦

કુલસચિવ

Phone/Fax No.(O) +91-2692-261310
E-mail: registrar@aau.in

જા.નં. આકૃયુ/રજી/લીગલ/સીસી.ર/૫૬૩૪-૫૬૫૧ /૧૬ તા.૧૯-૧૦-૨૦૧૬

પ્રતિ,
સંયુકત સચિવ-વ-સભ્ય સચિવશ્રી(કૃષિ યુનિ.)
રાજય કૃષિ યુનિવર્સિટી પરિષદ
પોડીયમ લેવલ, કૃષિભવન,
સેકટર-૧૦ એ, ગાંધીનગર.

વિષયઃ- ગુજરાત રાજયની કૃષિ યુનિવર્સીટીઓના કોમન સ્ટેચયુટસ-૨૦૧૧ માં સુધારા-વધારા કરવા બાબત.

સવિનય ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, રાજયની ચારેય કૃષિ યુનિવર્સિટીઓના માન. કુલપતિશ્રીઓ, સંશોધન નિયામકશ્રીઓ તથા કુલસચિવશ્રીઓની તા.૦૩-૦૪/૦૬/૨૦૧૬ના રોજ જૂનાગઢ ખાતે મળેલ બેઠકમાં સઘન ચર્ચા-વિચારણાના અંતે ગુજરાત રાજયની કૃષિ યુનિવર્સિટીઓના કોમન સ્ટેચ્યુટસ-૨૦૧૧ નો સુધારા- વધારાનો મુસદ્દો સર્વાનુમતે મંજુર કરેલ હતું તે અનુસાર નિયામક મંડળની મંજુરી અર્થે આણંદ કૃષિ યુનિવર્સિટી ખાતે મળેલ નિયામક મંડળની તા.૨૪-૦૯-૨૦૧૬ના રોજ ૪૩મી બેઠકમાં મુદા.નં.૪૩.૫ થી મુદ્દો રજુ કરવામાં આવેલ હતો.

ચર્ચાના અંતે નિયામક મંડળે ઠરાવેલ છે કે કોમન સ્ટેચ્યુટ સુધારા-વધારા બાબતે રાજય કૃષિ યુનિવર્સિટી પરિષદમાં રજુ કરવું અને રાજય કૃષિ યુનિવર્સિટી પરિષદમાં સર્વ સંમતિ સધાયા બાદ માનનીય કુલાધિપતિની સહમતિ અર્થે રજુ કરવા ભલામણ કરેલ છે. જેથી નિયામક મંડળની બેઠકની કાર્યવાહી નોંધ તેમજ સ્ટેચ્યુટની નકલ આ સાથે સામેલ રાખી ઘટતી કાર્યવાહી સારૂ મોકલી આપવામાં આવે છે. જે આપશ્રીને વિદિત થાય.

કુલસચિવ

સામેલઃ- ઉપર મુજબ

નકલ રવાનાઃ-

આ કચેરીની એકેડેમીક શાખા તરફ જાણ સારૂ.